

NJHealth New Jersey Department of Health

તમારા બાળકને હૂપિંગ ઉધરસથી બચાવો

હૂપિંગ ઉધરસ (પેર્ટુસિસ) એ શ્વસન રોગ છે જે સરળતાથી ફેલાય છે અને તેના કારણે ગંભીર ઉધરસ થઈ શકે છે.

- 6 મહિનાથી નાના બાળકોને ખૂબ જ બીમાર થવાનું સૌથી વધુ જોખમ હોય છે. તેમને શ્વાસ લેવામાં તકલીફ થઈ શકે છે અને હોસ્પિટલમાં દાખલ થવાની જરૂર પડી શકે છે.
- ઘણા શિશુઓને પરિવારના સભ્યો અથવા સંભાળ રાખનારાઓથી ચેપ લાગી શકે છે, જેમને ખબર નથી હોતી કે તેઓ બીમાર છે.

તમારા બાળકનું રક્ષણ કરો જન્મથી જ! ગર્ભાવસ્થા દરમિયાન કરાવેલું રસીકરણ પ્રારંભિક સમયે એટલે કે બાળકોને સૌથી વધુ જોખમ હોય ત્યારે સુરક્ષા આપે છે.

તમે હૂપિંગ ઉધરસને કેવી રીતે રોકી શકો છો?

બે રસીઓ હૂપિંગ ઉધરસ સામે રક્ષણ આપે છે:

- **Diphtheria, Tetanus, Pertussis (DTaP):**
  બાળકો અને નાના શિશુઓ માટે (છ અઠવાડિયાથી છ વર્ષ સુધીના)
- **Tetanus, diphtheria, pertussis (Tdap):**
  મોટા બાળકો અને પુખ્ત વયના લોકો માટે (સાત વર્ષ અને તેથી વધુ)

સગર્ભા મહિલાઓએ દરેક ગર્ભાવસ્થા દરમિયાન (27 થી 36 અઠવાડિયા) Tdap લેવી જોઈએ. આનાથી જન્મ પહેલાં જ બાળકોને સુરક્ષિત કરવામાં મદદ મળે છે અને તેમને હૂપિંગ ઉધરસ થવાનું જોખમ ઘટાડે છે.

ગર્ભાવસ્થા દરમિયાન Tdap લેવાથી તે શ્રેષ્ઠ કામ કરે છે, પરંતુ જો તમે ન લીધી હોય અને તે પહેલાં પણ ક્યારેય ન લીધી હોય, તો પ્રસૂતી પછી તરત જ રસી લો.

આડઅસરો સામાન્ય રીતે હળવી હોય છે અને તેમાં હાથમાં દુખાવો, માથામાં દુખાવો અથવા સ્નાયુઓમાં દુખાવો સામેલ હોઈ શકે છે. જો તમને કોઈ પ્રશ્નો હોય તો તમારા આરોગ્ય સંભાળ પ્રદાતા સાથે વાત કરો.



પરિવારના સભ્યો અને સંભાળ રાખનારાઓએ પણ બાળકના આગમનના ઓછામાં ઓછા બે અઠવાડિયા પહેલાં રસી લેવી જોઈએ.

વધુ માહિતી અહીં ઉપલબ્ધ છે:
nj.gov/health/cd/vpdp.shtml
bit.ly/4msBWV

ન્યૂ જર્સી ડિપાર્ટમેન્ટ ઓફ હેલ્થ દ્વારા હોસ્પિટલો અને બર્થિંગ સેન્ટર્સ (New Jersey Department of Health) માટે વિતરણ કરવા માટે આ સામગ્રી વિકસાવવામાં આવી છે (N.J.S.A.26: 2N-7.1) જે અહીં ઉપલબ્ધ છે:
pub.njleg.gov/bills/2012/PL13/275 .HTM